**ક્રિ.કેસ નં. ૫૪/૨૦૧૩**

**:: <u>આંક–૧ નીચે હુકમ</u> ::**

(૧) એ.પી.પી.શ્રીને સાંભળ્યા. કેસનું રેકર્ડ વંચાણે લીધું. મજકુર કેસનું રેકર્ડ વંચાણે લેતા આ કામના આરોપી લાંબા સમયથી ચાર્જશીટમાં જણાવેલ સરનામે મળી આવતા નથી અને તેઓ વિરૂધ્ધના સમન્સ/વોરંટ બજતાં નથી અને નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ સંભાવના જણાતી ન હોઈ તેથી મારા પુરોગામી વિ. મેજીસ્ટ્રેટશ્રીએ તા.૦૧/૦૭/૨૦૧૭ ના રોજ આંક–૧ ના ચાર્જશીટ નીચે હુકમ કરી સદર કેસ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૨૧૧ મુજબ ડોરમેન્ટ ફાઈલ ઉપર મુકવાનો હુકમ કરેલ હતો. પરંતુ આ કેસ ૫–વર્ષથી વધુ જુનો હોઈ અને નામ. ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ જુના કેસો કાયદાકીય પ્રક્રિયા કરી પૂર્ણ કરવાના હોઈ તેથી આ કેસમાં કાયદેસરની પ્રક્રિયા કરી પૂર્ણ કરવાની તજવીજના ભાગરૂપે તેને ડોરમેન્ટ ફાઈલ પરથી રેગ્યુલર ફાઈલ ઉપર પરત લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતા ના હોઈ અને આરોપીની ગેરહાજરીના કારણે આ કેસની કાર્યવાહી છેલ્લા ઘણાં સમયથી આગળ વધારી શકાતી નથી. સદર કેસની કાર્યવાહી ત્વરાએ પૂર્ણ થાય તે સદહેતુ ધ્યાને લઈ આ કામે સાક્ષીઓનો પુરાવો એકત્ર કરી તેનું સંરક્ષણ થઈ શકે તેવા સદહેતુથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવવી વ્યાજબી અને ન્યાયોચીત જણાતી હોય નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**<u>: હુકમ :</u>**

સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯(૧) ની જોગવાઈ મુજબ આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **૦૪** થી માહે **માર્ચ,** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૩/૨૦૨૨
રાધનપુર

**(ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ)**
કોડ નં.જીજે ૦૦૬૬૦
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
રાધનપુર.